જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૨/૨૦૧૯ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૧/૧૯

રામોલ પોલીસ સ્ટેશન :

## ગણતરીના કલાકોમાં વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી આરોપીની ધરપકડ કરતી રામોલ પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એ.બી.ચૌધરી નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એ.બી.ચૌધરી સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૫/૩૦ વાગે વસ્ત્રાલ વેરા પાસે આવતા તેઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે

રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૪/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી

આરોપી:- ધનશ્યામસિંહ ડાહ્યાભાઇ લક્ષ્મણભાઇ ચુડાસમા ઉવ.૨૯ રહે.મનં.૧૧૦ શીવસુખ નગર રતનપુરા ગામની સામે વસ્ત્રાલ અમદાવાદ શહેર

નાની પાસેથી ચોરી કરેલ યામાહા મો.સા નં. જી.જે.૦૧.એફ.એલ.૫૦૭૯ કિ.રૂ.૯,૦૦૦/- ગણી આરોપીને તા.૦૭/૦૨/૧૯ ના કલાક ૧૬/૩૦ વાગે પકડી અટક કરી અનડીટેકટ ગુનો શોધી સારી કામગીરી કરેલ છે

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :**

## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે. અધીક પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.આર.ચૌધરી સાહેબ નાઓની સુચના મુજબ અને માર્ગદર્શન હેઠળ આજરોજ સર્વે.સ્કવૉડના પો.સબ.ઇન્સ જે.બી.ચૌહાણ તથા એ.એસ.આઇ.નરસંગજી ગજુજી બ.નં.૭૬૧૫ તથા બીજા સ્ટાફના માણસો સાથે સીનીયર પો.ઇન્સ.શ્રી વી.આર.ચૌધરી સાહેબની સુચનાથી નાસતા ફરતા શોધી કાઢવા સારૂ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઠક્કરનગર અંબીકા ચોક પાસે આવતા ખાનગી બાતમી હકીકત આધારે સુરેન્દ્રનગર જીલ્લાના ધ્રાંગધ્રાં પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.3053/૨૦૧૮ ઇ.પી.કો. કલમ 3૨3,૫0૪,૫0૬(૨),૧૧૪ મુજબના કામના નાસ્તો ફરતો આરોપી રાજુભાઇ કાંતીભાઇ જાતે ચુનારા(દેવીપુજક) ઉ.વ.3૪ ધંધો-મજુરી રહે.મ.નં.૭/૪ હરીચંદ સીંધી સોસાયટી, અંબીકા ચોક, ઠક્કરનગર, અમદાવાદ શહેર નાને આજરોજ તા.0૭/0૨/૨0૧૯ ના કલાક ૧૮/30 વાગે અટક કરી તથા તેની પાસે રહેલ ઇક્કો ગાડી જેનો RTO નં.GJ-27-BS-5218 ની છે જેની કિ.રૂ.3,00,000/ ના મતાની પંચનામાં વિગતે કબજે કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે તા.0૭/0૨/૨0૧૯

**નરોડા પોલીસ સ્ટેશન :**

## વધુ એક વાહનચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી નરોડા પોલીસ

ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ વાહનચોરીના ગુના શોધવા કરેલ સુચના અંગેની કામગીરીમા નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓએ આપેલ માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના પો.સ.ઇ.ડી.કે.મોરી તથા સર્વેલન્સ સ્કોડના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કોન્સ કિરણ કલપ્પા બ.નં-૮૪૫૨ તથા પો.કોન્સ પ્રતાપસિંહ ખુમાનસિંહ બ.નં-૧0૧30 નાઓની સયુકત બાતમી આધારે આરોપીઓ (૧) આકાશ દશરથભાઇ ઠાકોર ઉ.વ-૧૯ રહે નારાયણ નગર,ઝાંઝરીયાની ચાલી,ભરવાડ વાસ પાસે,નરોડા, અમદાવાદ (૨) અજય પ્રહલાદભાઇ ઠાકોર ઉ.વ-૧૯ રહે મ.નં-૫૧૪ બ્લોક નં-૧૭ ચીત્રકુટ આવાસ યોજના,મનોહરવિલા ચાર રસ્તા પાસે,નીકોલ ,અમદાવાદ નાઓને ચોરી કરેલ નંબર વગરના સ્પ્લેન્ડર મો.સા સાથે પકડી લીધેલ છે.જે અંગે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-30૪/૧૮ ઇ.પી.કો કલમ 3૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે.તેમજ ઉપરોક્ત પકડાયેલ આરોપીઓએ આ સિવાય અન્ય કોઇ ઘરફોડ ચોરીના કે વાહનચોરીના ગુન્હા કરેલ છે કે કેમ તે અંગે હાલમા તપાસ ચાલુ છે.

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડતી પોલીસ

અમદાવાદ શહેર અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેર વિસ્તારમાં રહેતા નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ ડ્રાઇવ રાખેલ જેમાં સુરત રેન્જ જીલ્લાઓના નાસતા ફરતા આરોપીઓ કે જેઓ અમદાવાદ શહેરમાં રહેતા હોય જેને પકડવા સારૂ અમો વી.ડી.મોરી નોકરી નાસતા ફરતા આરોપીઓ તેમજ પેરોલ ફ્લો સ્કોર્ડ, વલસાડ તથા ઓઢવ પો.સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડના એસ.જે.ચૌહાણ પો.સબ.ઇન્સ તથા પો.કો જયપાલસિંહ પ્રવિણસિંહ બ.નં-૭૪૩૯ તથા અ.પો.કો રાજેશભાઇ રમેશભાઇ બ.નં-૯૭૭૯ તથા અ.પો.કો ચન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ તથા અ.હેડ.કોન્સ રાકેશ શ્રીરામ બ.નં-૭૫૨ નોકરી નવસારી એલ.સી.બી પો.સ્ટે એરીતે નાઓ સાથે ઓઢવ પો.સ્ટેશન વિસ્તારમાં રહેતા નવસારી રૂરલ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં-૧૨/૧૫ ઇ.પી.કો કલમ ૫૦૪,૫૦૬(૨), ૩૨૩,૫૦૭,૧૧૪ મુજબના કામે નાસતા ફરતા આરોપીઓ નં-૧. ભીમસિંગ ભવરસિંગ ચિતોડીયા(રાજપુત) ઉ.વ.૭૫ રહે: હાલ: સીંગરવા ગામ તળાવ પાસે ખુલ્લા પ્લોટમાં, ઓઢવ, અ'વાદ શહેર મુળવતન: દત્તનગર, કમલાનગરની સામે, આજવા રોડ, વડોદરા તથા નં-૨. અમરસિંગ ભવરસિંગ ચિતોડીયા ઉ.વ.૫૮ રહે: સદર નાઓને ખાનગી બાતમી હકીકત આધારે ઓઢવ સીંગરવા ગામ ખુલ્લા પ્લોટમાંથી ઉપરોક્ત ગુનાના કામે આજરોજ ૦૭/૦૨/૨૦૧૯ ના ક.૧૫/૩૦ વાગે પકડી પાડી છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીઓને પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૦૭/૦૨/૨૦૧૯.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.